Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઈ આણંદજી
જેમની સોળમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ
ઉજવવામાં આવી હતી.

પુસ્તક ૭૭ મું
અંક ૩-૪ ૧૫ મી જાન્યુઆરી : પોષ—મહા : વિ. સં. ૨૦૧૭ : ઇ. સ. ૧૯૬૧
વીર સં. ૨૪૮૭

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી જિનેશ્વર ભગવંતની આરતી | ( પ્રેષક : પૂ. પં. શ્રી રૈવતવિજયજી ગણિવર ડભોઇ ) | ૩૩ |
| ૨ | શ્રી મહાવીર જિન પારણું | ( ,, ,, ,, ,, ) | ૩૪ |
| ૩ | ચિત્તશુદ્ધિ .... .... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૩૬ |
| ૪ | વર્દ્ધમાન મહાવીર : ૩૭ .... .... .... | ( સ્વ૦ મૌક્તિક ) | ૩૯ |
| ૫ | श्रीमद् देवचन्दजी रचित एक पदका विवेचन | ( અગરચંદ નાહટા ) | ૪૩ |
| ૬ | प्यारा विरजिनेश .... .... .... | ( રાજમલ ભંડારી–આગર ) | ૪૭ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ : ૩૩ | ( આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ. ) | ૪૮ |



## બાર વ્રતની પૂજા અર્થ–સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખોઃ-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


## ખેદકારક સ્વર્ગવાસ

શ્રી નરોત્તમદાસ દેવચંદ શાહ ગત માગશર શુદ પાંચમના દિવસે ત્યાશી વર્ષની વયે વીલેંપાર્લે ખાતે સ્વર્ગસ્થ થયા છે.

તેઓ મુંબઇ યુનીવરસીટીના ગ્રેજ્યુએટ હતા. તેઓ ભાવનગરના વતની હતા પણ તેઓએ ગોંડળમાં સંગ્રામજી હાઇસ્કૂલમાં માસ્તર તરીકે પચ્ચીસ વર્ષ સુધી નોકરી કરી હતી. હાઇસ્કૂલમાંથી નિવૃત્ત થયા પછી તેઓ ભાવનગર રહેતા હતા. અમુક સમય સુધી તેઓ આપણા માસિકના તંત્રી હતા. અને સભાના જ્ઞાન પ્રચારના કાર્યમાં રસ લેતા હતા.

તેઓ ધાર્મિકવૃત્તિવાળા, સહૃદયી અને મિલનસાર હતા, આપણી સભાના વર્ષોથી લાઇફ-મેમ્બર હતા, તેમના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૭ મું<br>અંક ૩-૪ | પોષ-મહા | વી સં. ૨૪૮૭<br>વિ. સં. ૨૦૧૭ |
|---|---|---|


## શ્રી જિનેશ્વર ભગવંતની આરતી

પ્રેષક : પૂ. પં. શ્રી રૈવતવિજયજી ગણિવર (ડભોઇ)

આરતી શ્રી જિનરાજ તુમારી,
હરહર કરમદલ સંતન હિતકારી. આરતી૦ ૧
સુરનર અસુર કરત તુમ સેવા,
તુમહી દેવનકે પ્રભુ સેવા. આરતી૦ ૨
અરિહંતદેવ સદા હિતકારી,
સકલ જીવનકો સેવ સુખકારી. આરતી૦ ૩
પંચ મહાવ્રત દુધા ધારે,
રાગ દ્વેષ પર નામ વિદારે. આરતી૦ ૪
પૂરણ સમવસરણકી શોભા,
જીતે ક્રોધ માન મદ લોભા. આરતી૦ ૫
ભવ ભવ ભીતિ શરણ તેં આયે,
તેં પરમારથ પંથ લગાયે. આરતી૦ ૬
તુમ ગુણ હમ કૈસે કરી ગાવે.
ગણધર કહત પાર નહિ પાવે. આરતી૦ ૭
કરુણાસાગર કરુણા કીજે,
અપના સેવકકું સુખ દીજે. આરતી૦ ૮

(શ્રી આર્ય જંબુસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિર-ડભોઇના એક હસ્તલીખીત પાના ઉપરથી)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જિન પારણું

રચયિતા : મુનિ માલ  પ્રેરક : પૂ. પં.શ્રી રૈવતવિજયજી ગણિવર (ડભોઇ)

## દુહા

શ્રી અરિહંત અનંત ગુણુ, અતિશય પૂરણુ ગાત્ર,
ભનીજે નાણી સંયમી, તે કહીયે ઉત્તમ પાત્ર. ૧

પાત્રતણી અનુમોદના, કરતાં જીરણુ શેઠ,
શ્રાવક એકડ ગતિ લીયે, નવ ગ્રૈવયકને હેઠ. ૨

દસ ચોમાસા વીરજી, વીચરતા સંયમ વાસ,
વિશાલાપુર આવીયા, ઇગ્યારમે ચોમાસ. ૩

## ઢાળ

ચોમાસે ઇગારમેંજી, વિચરંતા સાહસ ધીર,
વિશાલાપુર આવીયાજી, સ્વામી શ્રી મહાવીર. જગત૦ ૧
જગતગુરુ ત્રીશલાનંદજી ભલેમેં ભેટ્યા શ્રી જિનરાય,
સખીરી, ચોક વધાવો આયા મેરે, આપે અનોપમ માય. જગત૦ ૨
બલદેવનાં છે દેહરાજી, તિહાં પ્રભુવારા, કાઉસ્સગ્ગ કીધ,
પંચમા ચોમાસીનાંજી, સ્વામી એ તપ લીધ. જગત૦ ૩
જીરણુ શેઠ તીહાં વસેજી, પાળે શ્રાવક ધર્મ,
આકારે તેણે ઓળખ્યોજી જાણે ધર્મનો મર્મ. જગત૦ ૪
આજ છે ઉપવાસીયાજી, સ્વામી શ્રી વર્ધમાન,
કાલમહી પ્રભુજી જિમસ્યેજી, સહર્ષ દેઇશું દાન. જગત૦ ૫
જીરણુ શેઠ મન ચિંતવેજી, સફલ હોશે મુજ આશ,
ખણૂ માસ ગણુતાં થકાજી, પૂરણુ થયું ચોમાસ. જગત૦ ૬
સામગ્રી સવિ આહારનીજી, સેજે હુઇ તિણીવાર,
પ્રભુનો મારગ પેખતોજી. બેઠો ઘરને બાર. જગત૦ ૭
અમ ઘર આવ્યા પાહુણાજી, ઉતરીયા એક વાર,
પ્રભુજી કયારે પધારશેજી, ઉતરીયા વારોવાર. જગત૦ ૮
પછે કરશું પારણુંજી. હું પ્રભુને પતિલાભ,
હોય મનોરથ એહવાજી જોયમ વરસે આભ. જગત૦ ૯
અવસર હુઓ ગોચરીજી, શ્રી સિદ્ધારથના પૂત,
વીશાલાપુર આવીયાજી. પુરણ ઘેર પહૂત. જગત૦ ૧૦
મિથ્યાત્વી જાણે નહિજી, જંગમ તીરથ એહ,
દાસી પ્રત્યે ઇમ કહે, કછઇક ભીક્ષા દેહ. જગત૦ ૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાઠુ ભરીને બાકુલાજી, આણી પ્રભુજીને દીધ,
નિરાગી પ્રભુ તે લીયાજી, તીહાં પ્રભુ પારણું કીધ. જગત૦ ૧૨
દેવ વજાવે દુંદુભીજી, જય બોલે કર જોડ,
હેમ વૃષ્ટિ તિહાં થઇજી, સાડી બાર કરોડ. જગત૦ ૧૩
રાય લોક સવિ ઈમ કહેજી, ધનધન પૂરણ શેઠ,
ઊંચી કરણી તે કરીજી, બીજા સહૂગુણ હેઠ. જગત૦ ૧૪
રાય કહે તેં શું દીયોજી, પારણો કીધો વીર,
પૂરણ શેઠ તવ ઇમ કહેજી, મેં વોરાવી ખીર. જગત૦ ૧૫
જીરણ શેઠ તવ ઈમ કહેજી, વાજે દુંદુભી વાદ,
અન્યત્ર કીધો પ્રભુ પારણોંજી, મન થયું વિખવાદ. જગત૦ ૧૬
હું જગમાં બડો અભાગિયો, ઘરે ન આવ્યા સ્વામ,
કલ્પવૃક્ષ કિમ પામીયેજી, મરૂમંડલ ઠામ. જગત૦ ૧૭
કેવા મનોરથ મેં કર્યાજી. તે તો રહ્યા મનમાંહી,
જિમ જિમ નિર્ધન ચિંતવેજી, તિમ તિમ નિષ્ફળ થાય. જગત૦ ૧૮
પ્રભુજી તિહાં કીધું પારણુંજી, કર્યો અન્યત્ર વિહાર,
આવ્યા પાર્શ્વ સંતાનીયાજી, તે મુનિ કેવળધાર. જગત૦ ૧૯
રાજા મનમાં હરખીયોજી, લોક સહુ આનંદ,
રાય પ્રભુ પૂછે તિહાંજી, ગુરૂ ચરણે વળી વંદ. જગત૦ ૨૦
મારા નગરમાં કોણ છે જી, પુણ્યવંત જશવંત,
કહે કેવળી આજ તો જી, જીરણ શેઠ મહંત. જગત૦ ૨૧
રાય કહે કુણ કારણેજી, જીરણ શેઠ મહંત,
દાન દીયો જિણે વિરનેજી. તે પુરણ જશવંત. જગત૦ ૨૨
રાય પ્રત્યે કહે કેવળીજી, પુરણ દીયો દાન,
હેમવૃષ્ટિ તેહને થઇજી, અવર ન કોઈ પ્રમાણ. જગત૦ ૨૩
એક ઘડી સુર દુંદુભીજી, જો ન સૂણતો કાન,
તો તે જીરણ લેતો સહીજી, ઉત્તમ કેવળજ્ઞાન. જગત૦ ૨૪
રાયે જીરણ વધાવીયોજી, આપે માન સન્માન,
મુખ્ય નગરમાં થાપીયોજી, જોજો પુન્ય પ્રમાણ. જગત૦ ૨૫
દેવલોક વર બારમેજી, જીરણ ઘાલ્યો બંધ,
વિણ દીયંતે ફળ લીએજી, ઉત્તમ શુભ બંધ. જગત૦ ૨૬
દાન દીયો શુભ પાત્રનેજી, નિષ્ફળ કદીય ન થાય,
દાન દીયો જિણે સાધુનેજી, જીરણનું ફલ થાય. જગત૦ ૨૭
ઇમ જાણી અનુમોદનાજી, દાન સુપાત્ર રસાળ,
દાન દીધો જિણે વીરનેજી, તે નમે **મુનિ માલ.** જગત૦ ૨૮

આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિરના હસ્તલીખીત પાના ઉપરથી



For Private And Personal Use Only

# ચિત્તશુદ્ધિ

લેખક—બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર-માલેગામ

આપણે જે જે સારા અગર ખોટા કામો કરીએ. છીએ એ બધા આપણી આંખ, કાન વિગેરે ઇંદ્રિઓ દ્વારા કરીએ છીએ. એ બધાઓને પ્રેરણા અને ઉત્તેજન આપનારૂં મન હોય છે. મન દ્વારા જ આપણને તે તે કામો કરવાની બુદ્ધિ મળે છે. તેથી જ શાસ્ત્રકારોએ મનને જ બધી આપણા હાથે થતી ઘટનાઓને જવાબદાર ગણેલ છે. એટલું જ નહીં પણ મનને એક છઠ્ઠી ઇંદ્રિય પણ ગણેલ છે. આપણે આંખથી કોઈ વસ્તુ જોઇએ ત્યારે તે વસ્તુ તરફ આપણું મન આકર્ષાય છે. અને તે ગ્રહણ કરવી કે તેથી દૂર ખસવું એની આજ્ઞા મન આપે છે. આપણે જોઇએ છીએ કે એક જ વસ્તુ તરફ કોઇ લોલુપ થઇ તે મેળવવા માટે તલસે છે અને બીજો તેની તરફ ઘૃણા અને તિરસ્કારની નજરે નિહાળે છે. એક જ વસ્તુ છે, તેનું પિંડ પણ એક જ છે. છતાં પણ એની પ્રતિક્રિયા એ માણસો ઉપર ભિન્ન થાય છે. એનું કોઇ મુખ્ય કારણ હોય તો તે મન જ છે. અર્થાત્ તે માટે મનને જ જવાબદાર ગણવું જોઇએ. એ ઉપરથી જણાય છે કે, જો મનને યોગ્ય માર્ગે દોરવણી મળે તો તે દરેક કાર્ય આપણા હાથે યોગ્ય માર્ગે કરી દે. એટલે જ આપણે જો આપણું જીવન સુધારવું હોય, અને તેને આત્મ સન્મુખ કરવું હોય તો ચિત્તશુદ્ધિની નિતાંત આવશ્યકતા છે. તેથી જ એક સંત મહાત્મા કહે છે કે, 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ વિષયનો આપણે હવે વધુ વિચાર કરીએ.

આપણે ગત ભવોમાં જે જે સારી કે ખોટી સાધના કરેલી હોય છે, તેને અનુસરીને જ આપણી બુદ્ધિ અને મન ઘડાએલું હોય છે. અને તેને અનુસરીને આપણી ઇંદ્રિઓ પણ આપણને મળેલી હોય છે. એટલે આપણા મનનું વલણ અમુક દિશાએ પહેલાથી જ વળેલું હોય છે. અને તેને અનુકૂળ વિષય આગળ આવતા તે ઉત્તેજિત થાય છે. અને આપણી ઇંદ્રિઓને તે તરફ દોરે છે. આ વિશ્વભરના જીવોમાં સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો આત્મા સાથે જોડાએલા હોય છે. એકેંદ્રિ આદિ જીવોમાં ભલે એ પ્રસુપ્ત અવસ્થામાં પડેલા હોય પણ તે હોય છે એમાં શંકાને સ્થાન નથી. આપણા માનવદેહમાં એ વધુ વિકાસ પામેલા હોય છે. એ ત્રણે ગુણો આપણામાં હોય છે એમાં શંકા નથી. છતાં એ ત્રણ ગુણોમાંથી એક ગુણનો આપણામાં વધુ વિકાસ થએલો હોય છે. અને તેને લીધે બીજા બે ગુણો દબાઈ ગએલા હોય છે.

એક માણસને તમોગુણનો ઉદય થાય છે ત્યારે તેને ક્રોધ આવે છે. અને તેને લીધે એ એવો પરવશ થઈ જાય છે કે એમાં સત્વ અને રજ એ બંને ગુણો લુપ્ત થઇ ગએલા જણાય છે. એની આંખો લાલચોળ બની જાય છે. એનું અંગ ધ્રુજવા માંડે છે. પોતે કઇ અવસ્થામાં છે એ પણ એ ભૂલી જાય છે; કોની સામે એ ક્રોધ કરે છે અને શા કારણસર એને ક્રોધ આવેલો છે, અને એનું પરિણામ શું આવશે, એ બધું એ ભૂલી જાય છે. એનું અંગ પ્રત્યંગ પરવશ બની જાય છે, એની આંખો છતાં એ આંધળો બની જાય છે. કાન છતાં બહેરો બની બેસે છે. અને કોઇનો ઉપદેશ સાંભળવાની સ્થિતિમાં એ રહેતો પણ નથી. એ આત્માનો સ્થાયી ભાવ તમોગુણ પ્રધાન બની બેસે છે. આવી સ્થિતિમાં પણ એના સત્વ અને રજોગુણ સર્વથા નષ્ટ થઈ ગએલા હોતા નથી. પણ જ્યારે એ તમો ગુણનો આવેગ ઓસરી જાય છે ત્યારે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને પોતાને પશ્ચાત્તાપ પણ થાય છે અને પોતાના ખોટા આવેગનો તિરસ્કાર પણ એને આવે છે. આવી સ્થિતિ અનુભવવાનો આપણને પ્રસંગ ન આવે અને આપણો આત્મા કલુષિત ન બને તે માટે જ ચિત્તશુદ્ધિની આપણે ખાસ જરૂર છે. તે માટે આપણે ભગીરથ પ્રયત્ન કરવો પડશે. પ્રસંગ આવે જોઈ લેવાશે એમ કહી ચાલે તેમ નથી. પ્રસંગ આવે આપણા મનમાં તે વિકારનું ભૂત આપણા માથે ચઢી બેસે છે અને આપણો વિવેક છિનવી લે છે. માટે આપણે આપણા મનને સાત્વિક કાર્યમાં ગોંધી રાખવું જોઈએ. અને નિત્ય ધાર્મિક અર્થાત્ સાત્વિક અનુષ્ઠાનો અવિરતપણે ચાલુ રાખવા જોઈએ. જેથી આપણને ક્રોધ કે એવા અનુચિત તમોગુણનું સ્મરણ પણ ન આવે અને આવી જાય તો તેને રોકવાની શક્તિ પણ આપણામાં આવી જાય. વિવેકરૂપી સિંહ જાગતો હોય ત્યાં કામ, ક્રોધ, લોભ, અહંકારરૂપી શીયાળો ક્ષણવાર પણ ટકી શકતા નથી. માટે આપણે ચિત્તને શુદ્ધ રાખવા માટે સતત તે ચિત્તને કાર્યાન્વિત રાખવું જોઈએ.

પાણી વહ્યા કરતું હોય, ત્યાં સુધી તે નિર્મળ અને શુદ્ધ રહે છે. પણ એ એકાદ ખાબોચિયામાં અટકી જાય છે ત્યારે તેમાં વિકૃતિ આવતી જાય છે. અને તેમાં કીડા ખદબદવા માંડે છે. દુર્ગંધ છૂટે છે. અને તેમાંનું પાણી પીવા માટે તો શું પણ કાંઈક ધોવા માટે પણ લાયક રહેતું નથી. તેની તરફ જોવાનું પણ મન થતું નથી. મનનું પણ એમ જ હોય છે. મહાન્ યોગીઓ પણ તેને શુદ્ધ કરવામાં અસમર્થ નિવડેલા છે. એને કાંઈક સુંદર આત્મોપયોગી કાર્યમાં જોડી દેવું જોઈએ. એને ઘડી વાર પણ અવસર મળે છે ત્યારે તે ઈતસ્તતઃ દોડતું ફરે છે, અને નહીં કરવા અને નહીં વિચારવા લાયક કાર્યો કરવા આપણી ઈંદ્રિયોને પ્રવૃત્ત કરે છે.

આપણે અનેક તપ, જપ, અનુષ્ઠાનો કે ક્રિયાકાંડો કરતા હોઈએ. આપણું શરીર એ કાર્ય કરતું હોય છતાં તેમાં આપણું મન બીજા જ વિચારો કરતું હોય તો આપણી એ બધી જ ક્રિયાઓ બાલચેષ્ટા જેવી બની જાય છે. ફક્ત કષ્ટક્રિયામાં પરિણમે છે! શુદ્ધ ક્રિયા કરવી હોય તો તેમાં મન, વચન અને કાયાનો ત્રિકરણ યોગ સધાવાની ખાસ જરૂર છે. આપણે કાંઈક ક્રિયા શરીરથી કરતા હોઈએ, મોઢેથી અન્ય વિષયના શબ્દો બોલતા હોઈએ અને આપણું મન ક્યાંએ ભટકતું હોય ત્યારે એ ક્રિયા શું ફળ આપે? કદાચિત ફળ આપે તો તે ખાસ વિપરીત જ હોય એમાં શંકા નથી.

એ વિવેચન ઉપરથી ફલિત થાય છે કે આપણે પહેલા આપણા મનને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમાં અનુચિત વિચારોને પ્રવેશ કરવાને અવકાશ આપવો નહીં જોઈએ. મન તો એક લાલચખોર અને લોભી ઈંદ્રિય છે. એને કોઈ માર્ગ મળી જાય છે તે તરફ એ આપણને દોરી જાય છે. માટે જ એ કયે માર્ગે જઈ રહેલ છે તે તરફ આપણે ઘણી સાવચેતીથી ધ્યાન આપવું જોઈએ. મન જો કે ઘણું ચંચલ અને પ્રબલ ઈંદ્રિય છે પણ તેની ઉપર નિયંત્રણ રાખનારી બુદ્ધિ આપણને મળેલી છે. અને તે બુદ્ધિમાંથી જ સારાસારનો વિવેક જાગે છે. પણ આપણે તે બુદ્ધિનો ઉપયોગ કરવામાં ઘણી કંજુસાઈ કરીએ છીએ. આપણે મનની પ્રેરણાથી એટલા મોહવિહ્વલ થઈ જઈએ છીએ કે, બુદ્ધિજન્ય વિવેકનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. મન ઉપર આપણો અધિકાર ચાલતો હોય તો આપણા હાથે જરા જેવું પણ પાપ થવા સંભવ નથી. એ તો ચોર ઉલટો ધણીને દંડે એવો ન્યાય થઈ ગયેલો છે. મન તો વાસ્તવિક આત્માનો સેવક ગણાય. માલિક ધારે તો એ મનરૂપી સેવકને એક ઓરડામાં પૂરી એને સખત દંડ પણ કરી શકે. એને પાશમાં બદ્ધ કરી શકે, એટલું જ નહીં પણ એને પોતાની નોકરીમાંથી દૂર પણ કરી શકે. પણ શેઠ જ પોતે માયકાંગલો બની દરેક ક્ષણે એ સેવકની

For Private And Personal Use Only

જ આજ્ઞામાં વર્તતો હોય ત્યારે એ મનરૂપી સેવકને દોષ પણ શી રીતે અપાય? શેઠ પોતે નોકરને આધીન વર્તન કરે અને એની જ આજ્ઞા માથે ચડાવી એનો દોર્યો દોરાય અને પોતાનું શેઠપણું પણ મનરૂપી નોકરને જ સોંપી દે ત્યારે મનની શુદ્ધિ કરી તેને સીધો ચાલવા કોણ પ્રેરણા કરે?

આપણે સારી પેઠે જાણીએ છીએ કે, મનને સ્થિર કરવા માટે પ્રભુ ભગવંત મહાવીરે અખંડ રીતે બાર વરસ સુધી ઘોર તપશ્ચર્યા કરી હતી. એટલા વખતમાં એમણે કોઈ સાધના કરી હશે તો તે કેવળ મનને પોતાનો સેવક કરવાની જ એ સાધના હતી. તેમણે પોતાના શરીરનો મોહ છોડી તેની જરા પણ દરકાર કર્યા વગર તેને પોતાની આજ્ઞામાં સ્થિર રાખ્યું હતું. એની ભૂખ તૃષા ઉપર પણ એમણે પોતાનો કબજો મેળવ્યો હતો. મનોજય થતાં સુધી મોઢામાંથી એક પણ શબ્દ નહીં ઉચ્ચરવાની તેમણે દૃઢ પ્રતીજ્ઞા કરી હતી. ગમે તેવા કપરા પ્રસંગે પણ તેઓએ શાંત અને સ્થિર રહી અનેક દુઃસહ પરિસહો પોતાની દૃઢ પ્રતિજ્ઞા માટે સહ્યા હતા. કારણ એમને તો ગમે તે ભોગે પણ મનને આકલન કરવાનું હતું. મનના ચાળા એમને બંધ કરવાના હતા. એમની ખાત્રી હતી કે જ્યાં સુધી એ મનને સ્થિર નહીં કરી શકીએ ત્યાં સુધી એ સાધના સફળ નહીં થવા દે. કારણ કેવળજ્ઞાનની આડે આવનાર જે તત્વો કારણભૂત થાય છે તેને એ મન જ ઉત્તેજિત કરે જાય છે. માટે એને જ શુદ્ધ અને શાંત કરી પહેલા આત્માનો સેવક બનાવવો જોઈએ. અને એ માટે જ અર્થાત્ ચિત્તશુદ્ધિ કરવા ઘોર તપશ્ચર્યા આદરી હતી. અને અંતે વિજયમાળા એમના કંઠમાં પડી હતી. અને એમની એ જીત માટે જ આપણે તેમને ચરણે આળોટીએ છીએ. તેમના સ્તુતિ સ્તોત્રો મહાન પંડિતો, જ્ઞાની મુનિવરો ગાતા થાકતા નથી. આવો છે એ ચિત્તશુદ્ધિનો મહિમા!

આપણે જો જૈન હોઈએ, અરિહંત પ્રભુના ધર્મ ઉપર અને એમના વચનો ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા હોય તો આપણને મુક્ત થવાની એટલે મોક્ષમાં જવાની ઇચ્છા હોય એ નિશ્ચિત વાત છે. પ્રભુ મહાવીરે અનેક ભવોની સાધના પછી જ છેલ્લો તીર્થંકરનો ભવ મેળવ્યો હતો. ત્યારે આપણે એ જ માર્ગે જવાનું છે એ નિશ્ચિત છે. આપણે અત્યારે જ એ બધું મેળવી શકીએ એમ ન હોય છતાં એ માર્ગે ડગલું પણ ન ભરીએ એ અત્યંત ખેદજનક છે. એક મહાન પર્વત ઉલ્લંઘી જવાનું હોય તેણે થોડા થોડા પણ ડગલા ભરવા જ પડશે. અને એમ કરતા એક દિવસ એવો ઉગશે કે આપણે પાર ઉતર્યાનો આનંદ પ્રાપ્ત કરી શકીશું. આપણે આપણા મનને જ ધીમે ધીમે કેળવતા રહીએ તો ધીમે ધીમે એ જ મન આપણી તાબેદારી કરવા માંડશે. સંયમ કરતાં શીખવું જોઈએ. મનનું કહ્યું કરતી વખતે લાંબો વિચાર આપણે કરતા રહીશું તો મનની આજ્ઞા આપણે ટાળી પણ શકીશું અને મનને એવી તાકીદ પણ કરી શકીશું કે, તારું કહ્યું અમે કરવાના જ નથી. તારી આજ્ઞા ઉપર અમોને વિશ્વાસ નથી. તું અમને અવળે માર્ગે નહીં જ લેઈ જાય એની ખાત્રી શી? અમે તો તારી આજ્ઞા સ્વીકારવા પહેલા તેને ચકાશી જોઈશું. અને વખત પર તારી આજ્ઞાને ઠોકરે પણ મારીશું; અમે હવે જાગ્યા છીએ. તેં અમારો વિશ્વાસ ગુમાવ્યો છે. એવું મનને કહી દેવું જોઈએ. તો જ ચિત્તશુદ્ધિ આપણે ધીમે ધીમે પણ નિશ્ચિત કરી શકીશું. પરમાત્મા એ માર્ગ બધાઓને સુઝાડે એવી ઇચ્છાથી વિરમીએ છીએ.

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૩૦

## રથાવર્તગિરિ પર મહાન વિગ્રહ :

અશ્વગ્રીવે પણ તે જ વખતે પ્રયાણ કર્યું. એણે પ્રયાણ વખતે થયેલાં અપશુકનની દરકાર ન કરી. એ તો આકાશના ઉલ્કાપાતને કે પક્ષીઓનાં અવાજને ઘૂણાક્ષર જેવા માનતો હતો. કીડા કે જીવાતો લાકડાને કોરે તેમાં કોઈવાર અક્ષરની આકૃતિ પડી જાય તે કાંઈ સાચા અક્ષર સમજણથી લખાયલા કે અર્થસૂચક નથી, ન હોઈ શકે, તેમ અશ્વગ્રીવની માન્યતા પ્રમાણે કૂતરા રડે, કે ચબરી ડાબે પડખે અવાજ કરે કે આકાશમાં ઉલ્કાપાત થાય કે વાદળાં ચઢી આવે કે એવા બનાવો આજુ બાજુ નજીકમાં કે દૂર દૂરમાં થાય કે કોઈને છીંક આવે તે પણ સૂચક ન હોઈ શકે, એ તો અકસ્માત થઈ આવતા સંયોગો છે, અર્થ વગરના બનાવો છે અને તેવા પ્રસંગો કે બનાવો પરથી પોતાના પ્રગત માર્ગમાં પ્રતિબંધ મૂકવો એ નરી મૂર્ખાઈ છે. અશ્વગ્રીવ તો આગળ વધ્યો, એણે વૃદ્ધ મંત્રીઓની સલાહ ન માની, મોટા લશ્કર સાથે પ્રયાણ આદરી દીધું. એણે ઘણી વાતની બેદરકારી કરી. એની મરજી હોત તો એ આખા ભરતક્ષેત્રનું લશ્કર એકઠું કરી શકત, પણ એણે દૂરના રાજાઓને તો લશ્કર લઈ આવવા કહેણ પણ મોકલ્યું નહિ. એના મનમાં પ્રજાપતિ જેવા નાનકડા રાજાને બેસાડી દેવામાં બહુ મોટા લશ્કરની જરૂરીઆત લાગી નહિ. તો પણ લાખો માણસના લશ્કર સાથે એણે પ્રયાણ શરૂ કર્યું. એની આખી રયાસતના પ્રમાણમાં લશ્કર નાનું હતું, છતાં સંખ્યા સાધન અને સરસાઈમાં એનું લશ્કર પ્રજાપતિના લશ્કરથી ઘણું ચઢી જાય તેવું અને મોટી સંખ્યાવાળું હતું. તેણે બાજુબાજુના નજીકના રાજાઓને પોતાની સાથે જોડાવાના કહેણ મોકલ્યા હતા.

અશ્વગ્રીવે પ્રયાણ કર્યું ત્યારે તેને ખબર પડી કે પ્રજાપતિ રાજા તો રથાવર્ત પર્વતપર ક્યારનો આવી પહોંચ્યો છે અને તેણે ગિરિપર સ્થાન લઈ લીધું છે. બ્યૂહરચનામાં અને રણક્ષેત્રની પસંદગીમાં ગોઠવણ ઉપર ઘણો આધાર રહે છે. જો અમુક સ્થાન પોતાને ફાવે તેવું હોય તો તેમાં બચાવ વધારે સારો થાય છે, ઓછે પ્રયાસે સામાને આક્રમણ કરીને પણ હઠાવી શકાય છે અને ડુંગરાળ પ્રદેશમાં તો ઘણો મોટો લાભ મળી જાય છે. શિખર પરના પાકા ૨૦૦ લડવૈયા હોય તો નીચેના દશ વીસ હજારને પણ ભારે પડે છે. આ લાભ પ્રજાપતિ ખાટી ગયો, પણ અશ્વગ્રીવ તો એટલા ઘમંડમાં હતો કે એને એ વાતની પડી નહોતી એ તો પ્રજાપતિને બે દિવસમાં પૂરો કરીશ અને છોકરાઓ (અચળ અને ત્રિપૃષ્ઠ)ને જંગલમાં મોકલી રખડાવીશ અને દીકરીને પરણનારના હાલ હવાલ કરી નાખીશ એવા ઘમંડમાં લશ્કરી નજરે કરવી જોઈતી અનેક પ્રકારની તૈયારી કે ગણતરીમાં ભૂલથાપ ખાઈ ગયો. આવા નાના રાજા સામે એક તો એણે જાતે લડવા જવાની જરૂર જ ન હોય, ટાંચણીના પ્રતિકાર માટે મોટા હથોડા વપરાય નહિ, પણ એની નજરમાં જ્વલનજટીએ કરેલું અપમાન હતું અને એની આંતરચક્ષુમાં પોતાને ત્યાં અનેક સ્ત્રીઓ હોવા છતાં સ્વયંપ્રભા હતી, ગમે તે ભોગે અશ્વગ્રીવને એ દેવકન્યાને પોતાના મંદિરમાં બેસાડવાના કોડ થયા હતા એટલે એ કૂચ મુકામે રથાવર્ત પર્વતની નીચેના ખીણના પ્રદેશમાં આવ્યો. એના લશ્કરી સલાહકારોએ એને સમાન સ્થળ પર સપાટ ભૂમિ પસંદ કરવા સૂચવ્યું, પણ અશ્વગ્રીવને તો એટલો બધો આત્મવિશ્વાસ હતો કે અત્યારે એ કોઈનું સાંભળે તેમ નહોતો. એ તો રમત માત્રમાં પોતે લડાઈ જીતી જશે અને સ્વયંપ્રભાને લઈ રાજમંદિરે પાછો આવશે એવા ખ્યાલમાં રહી લશ્કરી વ્યૂહ



For Private And Personal Use Only

રચના, ગોઠવણો અને શાસ્ત્રાસ્ત્રની વ્યવસ્થાને અંગે બહુ પશ્ચાત પડી ગયો અથવા તે સંબંધમાં તદ્દન બેદરકાર રહ્યો.

રથાવર્તગિરિ નજીક આવતાં એને પોતાની ભૂલ સમજાણી એણે ન ધારેલી વિદ્યાધરની અને મનુષ્યોની સંખ્યા પોતાની સામે થવાની છે એની વિગતો બાતમીદારો પાસેથી મળી, પણ એણે એ હકીકતની પણ તદ્દન અવગણના કરી. એણે અત્યાર સુધી અનેક યુદ્ધોમાં વિજય વરમાળા મેળવી હતી તેના પરિણામે પોતે પાછો પડશે એવી તો એને કલ્પના પણ થતી નહોતી. એટલે રથાવર્તગિરિની નજીક પોતાની છાવણી નખાવી તેણે એક વાર ફરીને દૂતને મોકલ્યો અને રાજા પ્રજાપતિને કહેવરાવ્યું કે હજુ પણ બંને છોકરાઓને મહારાજા અશ્વગ્રીવની સેવા કરવા મોકલી આપો. આ વખતે પ્રજાપતિએ દૂતને પોતે જાતે જવાબ ન આપતાં ત્રિપૃષ્ટ પાસે મોકલ્યો. ત્રિપૃષ્ઠે દૂતને ધૂતકારી નાંખ્યો. દૂતને પોતાને પણ જવાબમાં આકરા શબ્દો સાંભળીને ભારે નવાઇ લાગી. એણે જતાં આવતાં રથાવર્તગિરિ પરની લડાયક તૈયારીઓ જોઇ. એને આવી મોટી તૈયારીઓ અને સુભટ સંખ્યા અને આકાશ યાન-પાત્રોની રચના તથા સંખ્યા જોતાં ઘણી નવાઇ લાગી. આવડી તૈયારી પ્રજાપતિ પક્ષે કેમ થઇ શકી હશે તેના આશ્ચર્યમાંથી તે જાગૃત થાય તે પહેલાં તો તે અશ્વગ્રીવની છાવણીમાં પહોંચી ગયો. દૂતે પ્રજાપતિનો જવાબ સંભળાવતાં કહ્યું કે અત્યારે તો રથાવર્ત-ગિરિ પર ત્રિપૃષ્ટની હાક વર્તે છે, રાજા પ્રજાપતિ વયને કારણે લગભગ વાનપ્રસ્થ થઇ ગયા છે, મોટો ભાઇ અચળ ત્રિપૃષ્ઠની બાજુમાં છે અને જ્વલનજટીની મોટી કુમક તેને મળી ગઈ છે. એણે ત્રિપૃષ્ટનો જવાબ સંભળાવતાં એને અશ્વગ્રીવ તરફ કેટલો તિરસ્કાર છે એ વાત કરવા માંડી એટલે અશ્વગ્રીવે પોતાના મગજ પરનો કાબુ ખોઇ દીધો, એ છોકરા તરફ એને તિરસ્કાર તો હતો જ, તેમાં એ છોકરો પોતાનો તિરસ્કાર કરે છે એમ સાંભળતાં એણે દૂત પાસેથી વધારે હકીકત સાંભળવાને બદલે લડવા માટે હુકમ પર હુકમ છોડવા માંડ્યા અને આવતી કાલે મોટું તુમુલ યુદ્ધ થશે એમ જાહેરાત કરી દીધી અને પ્રજાપતિને કહેવરાવી દીધું. તે કાળમાં સામાવાળાને અજ્ઞાનમાં રાખી ઓચિંતો છાપો મારવાની કે ઉંઘતા માણસોને મારી નાંખવાની પદ્ધતિ ચાલતી નહોતી. દુશ્મનને ખબર આપી, તેને ખબરદાર હોશિયાર રહેવા ચેતવી સામસામે લડી લેવાની પદ્ધતિ પ્રચલિત હતી. આ આવેશ અને ઉદ્વેગને પરિણામે દૂતને લડાયક તૈયારીઓ સંબંધી અને સંખ્યા વગેરે સંબંધી વાત કરવાની હતી તે રહી ગઇ અને મહારાજા અશ્વગ્રીવે તો આંખમીંચામણાં(?) કરી લડાઇ જાહેર કરી દીધી.

બીજા દિવસના પ્રભાતથી મહાન વિગ્રહ શરૂ થઇ ગયો. યુદ્ધનીતિ પ્રમાણે રથવાળા રથવાળા સામે, ઘોડાવાળા ઘોડાવાળા સામે અને પદાતિ પદાતિ સામે લડવા લાગ્યા. પ્રથમ દિવસે તો સામ-સામા આક્રમણ અને પ્રતિકારને પરિણામે બળાબળની તુલના ન થઇ શકી પણ ત્રિપૃષ્ઠ પક્ષે વધારે વ્યવસ્થા અને ઝનુન ભર્યાં આક્રમણોની શક્યતા દેખાઇ આવી લડાઇ ખૂબ ઝનુનથી ચાલી. ત્રિપૃષ્ઠ પક્ષે જ્વલનજટી લડાઇમાં ખૂબ ઘૂમતો રહ્યો. ત્રિપૃષ્ટની નિત્યનવી વ્યૂહ રચના જોઈ એને પણ આશ્ચર્ય થતું. એમાં કોઇ વખતે સામા અશ્વગ્રીવના પક્ષ તરફથી આક્રમણ થાય તો જ્વલનજટી વિજ્ઞાનના જોરે આખો પલટો કરાવી નાખતો. સામા પક્ષ તરફથી એક વખત એવો પ્રયોગ કરવામાં આવ્યો કે ત્રિપૃષ્ટનું આખું લશ્કર જાણે વૃદ્ધ, નિરુત્સાહી અને હતાશ થઈ જાય તેવી પરિસ્થિતિ દેખાણી, એટલે જ્વલન-જટીએ સામેથી ભુવનક્ષોભણી વિદ્યાનો પ્રયોગ કર્યો. આ રીતે દરરોજ નવા નવા પ્રયોગો થતા રહ્યા અને નવા નવા પ્રકારની વ્યૂહરચનાઓ થતી રહી. ત્રિપૃષ્ટની વ્યૂહરચનાની કળામાં વપરાતી મૌલિકતા જોઈ વિદ્યાધરોને નવાઇ લાગતી અને વિદ્યાધરોની વિજ્ઞાન શક્તિ જોઇ ભૂચરવાસી સૈન્યને નવાઈ લાગતી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંજ પડે એટલે યુદ્ધ બંધ થાય, સવારે વાજિંત્રના નાદ વચ્ચે યુદ્ધ શરૂ થાય, નવી નવી જાતના શસ્ત્રનો ઉપયોગ થાય, અસ્ત્રોને ફેંકવામાં આવે. ગાંડાતુર હાથીઓ અને બહાદુર ઘોડાઓને સામે તગડાવવામાં આવે અને રથના અવાજ, ઘોડાના દાબડાના પડકાર, અને લડવૈયાઓના હુંકાર અને પડકારથી પૃથ્વી ગાજી જાય. રથાવર્તગિરિ પરના ઉચ્ચ પ્રદેશનો લાભ ત્રિપૃષ્ઠના લશ્કરને ખૂબ મળતો રહ્યો, છતાં અશ્વગ્રીવની આંખ ઉઘડી નહિ. એ તો પોતાના અભિમાન અને ઘમંડમાં એટલો ચકચૂર થઇ ગયો હતો કે એને પોતાના લશ્કરનો ઘાણ નીકળી જાય છે અને સામાના પાંચ મરે પોતાના પાંચ હજાર મરે છે તે વિચારવાનો તેને ખ્યાલ પણ આવતો નહોતો. આ પ્રમાણે યુદ્ધ દિવસો સુધી ચાલ્યું અવનવી વિદ્યાના અનેક પ્રયોગો થયા. એના સામેથી પ્રતિકાર પણ તેટલા જ જોરથી થયા. આ ભયંકર લડાઈમાં આટલો મોટો સંહાર થતો હતો અને અશ્વગ્રીવ પક્ષે તો ભયંકર હ્રાસ થતો હતો તેથી ત્રિપૃષ્ઠ અને બળદેવે બાતમી મેળવી ત્યારે જણાયું કે અશ્વગ્રીવ પક્ષે સંહાર તો ઘણો ભયંકર થાય છે, પણ એની મદદે અન્ય રાજાની કુમક આવી પહોંચે છે એટલે થયેલ નુકશાન પૂરાઈ જાય છે, પણ હવે એક વાર ભયંકર આક્રમણ કરી અશ્વગ્રીવને બેસાડી દેવાનો વખત આવી પહોંચ્યો છે. એવો હિસાબ ગણતાં એ લડાયક ગણતરીમાં કુશળ સરદારે અશ્વગ્રીવને આહ્વાન મોકલ્યું. 'તાકાત હોય તો સામે આવી જા, આ નકામો લોહીનો પ્રવાહ વહેવરાવવાનો શો અર્થ છે, અંદર ભરાઇને શું બેઠો છે?' અશ્વગ્રીવ એક બાળક તરફથી આવેલા આહ્વાનની દરકાર કરે એવો થોડો જ હતો, એણે તો જવાબમાં બે ચાર ગાળો કહેવરાવી. એ ગાળો એટલી અસભ્ય ભાષામાં રચાયલી હતી કે એવી શબ્દ રચનાનો ઉપયોગ તો અશ્વગ્રીવ જ કરે. એમાં એણે અચળને ત્રિપૃષ્ઠના મામા તરીકે વર્ણવ્યો, પ્રજાપતિને અચળના બનેવી તરીકે વર્ણવ્યો અને ત્રિપૃષ્ઠને એની માતાના ભાઈ તરીકે વર્ણવ્યો. લડાઇના આહ્વાનનો જવાબ આપ્યો નહિ.

પણ બીજે દિવસે અશ્વગ્રીવ જાતે લડવા નીકળ્યો, એને બહાર પડેલ જોઇ એનું સૈન્ય પણ વધારે ઉત્સાહથી લડવા લાગ્યું. આ વખતે આકાશ યુદ્ધ થયું. અનેક નવાં નવાં અસ્ત્રોનો ઉપયોગ થયો, ખડ્ગો અને મુસળોનો સામનો થયો, એક સ્ફુરક નામના અદ્ભુત શસ્ત્રોનો ઉપયોગ થયો અને આકાશમાં શલ્યોની ચોતરફ વૃષ્ટિ થતી રહી. આ વખતે જ્વલનજટીએ પોતાના વિજ્ઞાનનો ખૂબ ઉપયોગ કર્યો. આકાશ જાણે આયુધોથી વ્યાપ્ત હોય અને અંતરીક્ષમાં જાણે બૂમબરાડા અને કાપાકાપીની ધમાલ ચાલી રહી હોય તેમ આકાશમાંથી ધડોધડ માથાંઓ જમીન પર પડવા લાગ્યા. પણ એ આકાશ યુદ્ધમાં પણ જ્વલનજટીએ વિદ્યાશક્તિના બળે પોતાના પક્ષનું વિશેષ બળ સ્થાપન કર્યું. જો કે પૃથ્વી પર માથાં અને ધડના ઢગલા થયા પણ એક પક્ષની સંપૂર્ણ હાર કે જીત ન થઈ, છતાં એકંદરે ત્રિપૃષ્ઠ પક્ષ વધારે બળવાન છે, તેની પાસે નવા નવા પ્રકારના આયુધો છે અને વિજ્ઞાન શક્તિમાં અને શસ્ત્રાસ્ત્રના પ્રયોગમાં તથા નૈસર્ગિકશક્તિ પરના પ્રભુત્વમાં તેના પર આધિપત્ય મેળવી શકે તેવો જ્વલનજટીની સરખામણીમાં મૂકી શકાય તેવો અન્ય સબળ વિદ્યાધર અશ્વગ્રીવ પક્ષે નથી એમ તો જરૂર દેખાયું. હવે અશ્વગ્રીવને મામલાની બારીકાઈ જરા જરા સમજાણી પોતે ધારતો હતો તેમ પોતે ત્રિપૃષ્ઠને બે ચાર દહાડામાં ચોળી નાંખશે અને સ્વયંપ્રભાને ઘેર લઇ આવશે એવો આ સહેલો મામલો નથી એ વાત હવે તેના લક્ષ્યમાં આવી. એને વધારેમાં એમ પણ જણાયું કે અંતરીક્ષમાં ગમે તેટલી લડાઇ થાય અને એક પક્ષ સબળ નિર્બળ બની સામા પર સરસાઈ મેળવે કે શિકસ્ત ખાય, પણ લડાઇનો નિર્ણય તો અંતે જમીન પરના યુદ્ધથી જ થશે. એટલે એણે જમીન પરનું પોતાનું બળ વધારે સજ્જબદ્ધ કરવાનું વિચાર્યું અને હવે પછી લડાઇનો મુખ્ય દોર જમીન પરના આક્રમણ ઉપર જ રાખવો એમ એણે ઠરાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે જમીન પરના મોરચા ઉપર વધારે ધ્યાન આપવામાં આવ્યું અને મહારાજા અશ્વગ્રીવ જાતે લડાઇમાં ઉતર્યા. એણે પોતાના વિપુળ શસ્ત્રાગારનો ઉપયોગ ખૂબ છૂટથી વાપરવા માંડ્યો. પણ અચળ અને ત્રિપૃષ્ઠની બહાદુરી અને ચાલાકીને પરિણામે એને દરેક પ્રસંગે પાછળ પડવું પડયું. એણે પોતાની અસાધારણ ગદાનો ઉપયોગ કર્યો, પણ તેને પણ ત્રિપૃષ્ઠે ભાંગી નાંખી, એના ધનુષ્યના ત્રિપૃષ્ઠે ટુકડા કરી નાંખ્યા, આ શાઙ્ગર્ નામના પ્રસિદ્ધ ધનુષ્યના ટુકડા થતાં અશ્વગ્રીવને ભારે ખેદ થયો, પણ ત્યાં તો જોતજોતામાં ત્રિપૃષ્ઠે એનો રથ ભાંગી નાંખ્યો અશ્વગ્રીવ માટે બીજો રથ તો તૈયાર હતો, પણ આવા મોટા રાજાના રથના ભુક્કા બોલી જાય એ વાત ભારે અસરકારક નીવડી. એને પરિણામે અશ્વગ્રીવ પક્ષે જરા મંદતા આવવા લાગી, પણ ત્રિપૃષ્ઠ તો આખા સૈન્યમાં ચારે તરફ ઘૂમતો જ રહ્યો અને એનો સબળ ઉત્સાહ અને એની અસાધારણ વીર્યશક્તિ જોઇને અને ખાસ કરીને એની તીરને તાકવાની, અચૂક નિશાન પાડવાની અને ધારેલ પરિણામ નીપજાવવાની શક્તિ જોઇને એના સૈન્યને ભારે ઉત્સાહ આવી ગયો. ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવની ધજા ઉડાડી દીધી. આ અશ્વગ્રીવનું મોટામાં મોટું અપમાન લશ્કરી નજરે ગણાય. ત્યાં તો એનો બીજો રથ પણ પૂરો કરવામાં આવ્યો. અશ્વગ્રીવને હવે ખરેખરી દાઝ ચડી, એણે શક્તિ નામનું હથિયાર પોતાના હાથમાં લીધું અને ખૂબ જોરથી ત્રિપૃષ્ઠ તરફ ફેંક્યું, પણ ત્રિપૃષ્ઠ ગાંજ્યો જાય તેમ નહોતો. એણે પોતાની કૌમુદિકી ગદાને એવી સફળતાથી ફેરવી કે સામેથી આવતી શક્તિના અરધે રસ્તે જ ચૂરેચૂરા થઇ ગયા. એટલે તેના પ્રત્યાઘાતરૂપે અશ્વગ્રીવે પોતાની ગદા ત્રિપૃષ્ઠ તરફ ફેંકી, પણ ત્રિપૃષ્ઠે તો એ ગદાના પણ ટુકડા પોતાની કૌમુદિકી ગદાથી કરી દીધા.

હવે બંને સેનાઓ વચ્ચે યુધ્ધ જામ્યું. આ તો જીવન મરણના ખેલ હતા અને બંને લડવૈયા એક બીજાથી ઓછા ઉતરે તેવા નહોતા. અશ્વગ્રીવ ઘરડો થવા આવ્યો હતો, પણ મજબૂત બાંધાનો અને દૃઢ કાય હતો, જ્યારે ત્રિપૃષ્ઠ તો વયમાં બાળક પણ અત્યંત સુદૃઢ શરીર દૃષ્ટિવાળો હતો અને રણમેદાનમાં અત્યારે પૂરબહારમાં ખીલી રહ્યો હતો વચ્ચે વચ્ચે અશ્વગ્રીવે નાગાસ્ત્ર મૂક્યું, તેનો પ્રતિકાર ત્રિપૃષ્ઠે ગરૂડાસ્ત્રથી કર્યો, અશ્વગ્રીવે અગ્ન્યસ્ત્ર મૂક્યું તેનો પ્રતિકાર ત્રિપૃષ્ઠે વાયવાસ્ત્રથી કર્યો. આવા કુદરત પર કાબૂ મેળવવાના અનેક પ્રસંગો તે યુગના ઇતિહાસમાં નોંધાયલા છે અને તે તપાસણી માગે છે, ચર્ચા માગે છે, શોધખોળ માગે છે. (ચાલુ)


## મા નવ જીવ ન નું પા થે ય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीमद् देवचंदजी रचित एक पद का विवेचन

लेखक : अगरचंद नाहटा

श्वेताम्बर जैन-सम्प्रदाय के आध्यात्मिक महा-पुरुषोंमें श्रीमद् आनंदघनजीके बाद श्रीमद् देवचन्दजी हुए जिनकी संस्कृत, प्राकृत, राजस्थानी, गुजराती व हिन्दी में बहुत सी रचनाएं प्राप्त है; श्रीमद् आनंदघनजी की चोवीसी के बाद श्रीमद् देवचन्दजीकी चोवीसीकी ही सर्वाधिक प्रचार है। आध्यात्म और भक्तिका जितना साधिक समन्वय या तात्विक विवेचन देवचन्दजीकी चोवीसीमें हुआ है उतना अन्य किसीकी भी चोवीसीमें नहीं मिलता। सौभाग्यवश उन्होंने स्वयं अपने चतुर्विंशति स्तवनोंका बालावबोध अर्थात् विवेचन लिख दिया इसलिए उनके भावों को ठीक से समझने में सुविधा हो गई वीसी और अतित जिन चोवीसी तथा सझायों आदि पर उन्होंने विवेचन नहीं लिखा उस कमी की पूर्ति परवर्ती आध्यात्मप्रेमी मुनियों एवं श्रावकों ने की है। उन विवेचन कर्ताओं में मस्तयोगी श्रीमद् ज्ञानसारजी विशेष रूप से उल्लेखनीय हैं। उन्होंने श्रीमद् आनंदघनजी की चोवीसी और पदों पर बालावबोध नामक विवेचन लिखा उसी तरह श्रीमद् देवचन्दजी के आध्यात्म-गीता और साधु-सझाय की बालावबोध बनाया। इनमें से साधु-सझाय की बालावबोध श्रीमद् देवचन्द्र भाग २ के अंत में प्रकाशित हो चुका है। आध्यात्म गीता बालावबोध की एक ही प्रति हमें मिली और श्रीमद् ज्ञानसार ग्रंथावली में उसे छपवा भी दिया था पर दुर्भाग्यवश उसके छपे हुए फर्मे भारत विभाजन के समय एक मुसलमान जिल्द-साज के यहां ही रह गये।

श्रीमद् देवचन्दजी की रचनाओं नें सबसे अधिक आकर्षित किया योगनिष्ट आचार्य बुद्धिसागरसूरिजी को। उन्होंने बहुत ही प्रयत्न करके जितनी भी छोटी बडी रचनाएं आपकी मिल सकी अनेक भंडारों में खोज करके उन्हें संग्रहीत करवाई और श्रीमद् देवचन्द के २ भागों में अध्यात्म ज्ञान प्रसारक मंडल, पादरा से प्रकाशित करवा दी। इस संग्रह ग्रन्थ के प्रथम संस्करण में तो रचनाएं जैसे जैसे मिलती गई वैसे ही छपवा दी थी पर दूसरे संस्करण में उनका वर्गीकरण करके गद्य और पद्य के २ भाग अलग अलग प्रकाशित किये गये। इनमें ज्ञानमंजरी टीका आदि समाविष्ट न हो सकीं उन्हें सम्भवत: तीसरे भाग में प्रकाशित करने की योजना होगी, पर वह भाग प्रकाशित नहीं हो सकी। जैसलमेर भंडार एवं अन्य कुछ भंडारों में मेरी खोज से कुछ और अज्ञात रचनाएं प्राप्त हुई जिन्हें समय समय पर प्रकाशित करता रहा हूं।

श्रीमद् देवचन्दजीकी रचनाओंमें से वीसी, अनागत चोवीसी, आध्यात्म गीता, अष्ट प्रवचन माता, आदि रचनाओंके गुजराती भाषामें विवेचन प्रकाशित हो चूके हैं, पर हिन्दी नहीं हुए थे इसलिए चन्दनमलजी नागोरीने स्नात्रपूजाका अर्थ प्रकाशित किया था। गत वर्ष चोवीसी तथा स्नात्रपूजाका हिन्दी विवेचन श्री अमरावचंदजी दरगड़ रचित जिनदत्तसूरि सेवा संघ, बम्बईसे प्रकाशित हुआ है। दरगड़जीने आध्यात्म गीताका हिन्दी



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विवेचन भी तैयार कर लिया है उसे वे शीघ्र प्रकाशित करनेवाले हैं। अष्ट प्रवचन माता, पंचभावना और प्रभंजना सज्झायकी मैंने हिन्दी अनुवाद करवाया है। गद्य ग्रन्थों में आगमसारके दो हिन्दी अनुवाद चिदानंदजी द्वितीय और आनंदसागर सूरि रचित प्रकाशित हो चुके हैं और नयचक्र-सार भी फलोदीसे हिन्दीमें प्रकाशित हुआ है।

मस्तयोगी ज्ञानसारजी रचित अध्यात्मगीता और साधु सज्झायके बालावबोधकी उल्लेख उपर किया जा चुका है। अभी मुनि मोहनलालजी ज्ञान भंडार सुरतसे एक ३५ पत्रोंकी एक प्रति मंगवाके देखी तो उसमें साधु सज्झाय बालावबोधके साथ देवचन्दजीके एक महत्वपूर्ण पदका बालावबोध प्राप्त हुआ जिसे यहां प्रकाशित किया जा रहा है।

# श्रीमद् देवचन्दजी कृत "जगतमें सदा सुखी मुनिराज" सिज्झायरो बालावबोध

(श्री ज्ञानसारजीकृत)

पद-राग प्रभाती

जगतमें सदा सुखी मुनिराज।
पर विभाव परणतके त्यागी जागे आत्मसमाज।
निजगुण अनुभवके उपयोगी जोगी ध्यान जिहाज (ज. १)

अर्थ-'जगतमें सदा सुखी मुनिराज' नाम जगत्रनें विषें नाम संसारनें विषें सदा निरन्तर सुखी मुनिराज छे। 'कस्माद्धे तोः परं सुख मित्युक्तत्वात्', नाम संतोष हूंती परं नाम उत्कृष्टो सुख नहीं। इसे कहिशा परण सुं इशा हेतु सू सदासुखी मुनिराज छे। अतएव एंकारशाथीज 'पर विभाव परणितके त्यागी' 'पर जड़ादितद्रूप विभाव' स्व स्वभाव सूं विभन्न परोग नाम जड़ादिकमें परणामन जड़ादिक ऊपर सराग वृत्ति नाम जड़ादिकनो ममत्व। अतएव 'जागें आतम समाज' जाग्या है, प्रवृर्त्या है। आत्माना समाजमां आत्मानो समाज ते ज्ञानादि तेहनो चिंतवन समाजमां दिन रात्री प्रवर्ती रह्या है। अतएव 'निजगुण अनुभवके उपयोगी' निजगुण जे तेहिज जे ज्ञानादि गुण, ते ज्ञानादि गुणोंनो अनुभव ज्यां तत्काल स्वभाव चिंतवन तद्रूप अनुभव स्वरुप ज्ञानके नाम आत्मीक स्वरुप

जिस प्रतिमें यह बालावबोध मिला है उसमें इससे पहले देवचन्द्रजी कृत साधु सज्झाय बालावबोध लिखा हुआ है जो कि श्रीमद् देवचन्द्र भाग दोमें छप चुका है। उपरोक्त बालावबोधके प्रारम्भमें साधु सज्झायका संबंध जोड़ते हुवे लिखा है-"सिज्झाय कर्त्तायें अन्तिम पदमें नमिये ते मुनिराजने नमस्कार कींधो ते मुनिराजनो 'राग प्रभाती' पदें तेजकर्त्ता रो करेल तिणरो अर्थ लिखुं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानके, 'अनुभवके उपयोगी' नाम उपयोगीमां प्रवृत्त रह्या है। अन्य उपयोग सु निवर्त्या है। अतएव 'जोगी ध्यांन जिहाज', ध्यान नाम ध्यांन रे विषेहीज शुक्ल ध्यांन है विषेहीज जोगीनाम मनोयोगादि प्रवर्त्त रह्या है। अतएव 'जिहाज' जिन जहाजमां किरयाणादिक भरे। तिम साधूनो शरीर जिहाज तेहमां ध्यांनै रुप किरयाणो भरीज रह्यो है। तेथी जिहाजनी उपमा कर्त्तायें दीधी है।

कर्त्ता री जोजनामां पुनरुक्ति दूषण विरोधाभास ए बे दूसण गाथा गाथा दीठ है। ते लिखूं। एज पदनी पहिली गाथामां तीजौ पद तेमां तो 'निजगुण अनुभवके उपयोगी' निजगुण–आत्मगुण तेहना उपयोगी विचारवान् मनोयोगादि संघनें, तेहनाहीं 'ध्यांन रा जिहाज' तइयें साधु परागमें तो सर्वस्व होय चूको। शुक्ल ध्यान सूधी जाय पुंहच्या। बाकी कांई रह्यो नहीं। आगली गाथामें चरित्र ग्रहण करवो। हिवे गूंथे है। तेतमें पोतें विचारी लेज्यो।

हिंसा मोस अदत्त निवारी, नहि मैथुनके पास।
द्रव्यभाव परिग्रहके त्यागी, लीने तत्व विलास॥ ज० २

'हिंसा मोस अदत्त निवारी'। हिंसा–प्राणातिपात, मोस–मृखावाद, अदत्तनिवारी अदत्ता दांन तेहनो निवारक, 'नहि मैथुनको पास' ए चोथो महाव्रत मैथुन–जे काम सेवा, तेहनो पास नाम जालेन थी। हिवे पांचमो महाव्रत 'द्रव्य भाव परिग्रहके त्यागी' द्रव्य परिग्रह, भाव परिग्रह। द्राव्यादिक आदि शब्दें उपगरणादिक तेहनी ममता। 'मुच्छा परिग्गहो वुत्तो इत्युक्तत्वात्' भाव परिग्रही पणो–चित्तवृत्ति सम्बंधी तदाकार पणो, जे मुर्छा तेहना त्यागी 'लीने तत्व विलास' तत्व जे आतम तत्व तेहनो विलास नाम रमण, तेहनें विषे लीने नाम प्रवर्त्ती रह्या है।

निर्भय निरमल चित्त निराकुल, विलगे ध्यान अभ्यास।
देहादिक ममता सविवारी, विचरे सदा उदास॥ ज० ३

अतएव गया है। आठ भय जे हुंती निर्मल नाथ गयौ है आर्त्त रौद्र मलजे हुती अतएव एथींज चित्त निराकुल मननी आकुलता जाती रही है। अतएव 'विलगे ध्यांन अभ्यास' ध्यान ते शुक्ल ध्याननो चोथो पाइयो। तेहनो जे अभ्यास, तेहमें जे विलगे नाम प्रवर्त्त रह्या है। 'देहादिक ममता सव वारी' देहनाम शरीर आदि शब्दें मनोवृत्ति तेहनी ममता अभिलाष 'सविवारी' सर्व निवारी है। अतएव 'विचरे सदा उदास' सदा नाम सर्वदा, उदास भावें संसार थकी निरास भावें विचरे नाम प्रवर्त्त रह्या है। संयम साधना २ विषे अतएव सर्व संसार थकी उदास वृत्ति है।

ग्रहे आहारवृत्ति पात्रा दिवृ, संज्म साधन वाज।
देवचन्द्र आजानुजाई, निज संपत्ति महाराज॥ ज० ४ इतिपदम्

"ग्रहे आहारवृत्ति" आहार वृत्ति नाम आहार संबंधिनी नाम आजीवका तिण प्रतें ग्रहे नाम–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बयालीस जे दूखणा तिणों कर रहित शुद्ध आहार ग्रहण करे।

'पात्रादिक संजम साधन काजै' संयम रे साधन काजे पात्र ग्रहण करै आदि शद्वै चवदै उपगरण ग्रहण करै। 'देवचन्द्र आंणा अनुजाई देवेषु चन्द्र इव चन्द्रो देव चन्द्रो देवचन्द्रहरि हरादिक जिके देवता तिणां मांहे चन्द्रमा री परैं चन्द्रमा। शुद्धोज्वल ज्ञान प्रकाश परण हुंति, इसौ जिकौ वीतराग देव तिणंरी आणा नाम आज्ञा तिणरा अनुजाई नाम वीतरागनीं आज्ञा प्रमाणे प्रवत्तक 'निज संपति महाराज' निज आत्मीक संबंधी जिका संपति नाम संपदा, रिय तेहनैं विषेहीज छै। मोटोराज जिणां रै नाम निज आत्मीक संबंधी अनंत ज्ञानादि तद्रुप मोटो राज पाम्यो छै। जिणे इसा ते मुनिराज तेहनें नमिमैं, नाम नमस्कार करियै, अथवा देवचन्द्र कवीश्वर कहे छै। आंणानु जाई आंणा परमेश्वरनी आज्ञा, तेहना अनुजाई। ते आज्ञा प्रमाणे प्रवर्त्तक जे मुनिराज, 'निज संपति महाराज' निज आत्मीक संबंधी संपति नाम संपदा, अनंत ज्ञानादि। तेहना महाराज छै नाम निज संपदा रुप धन घणो छै। इति संटकः इति श्री ज्ञानसारजीकृत स्तवन बालावबोध संपूर्ण॥

(मुनि श्री मोहनलालजी जैन ज्ञान भंडार, सूरत की जिस प्रति में उपरोक्त बालावबोध है उस ३५ पत्रों की प्रति के प्रारम्भ में ११ पत्रों में साधुसज्झाय बलावबोध इन्ही ज्ञानसारजी रचित है उसके बाद पत्र ११ से १३ में उपरोक्त पदका बालावबोध लिखा हुआ है इसके पश्चात् श्रीमद् आनन्दघनजी के १४ पदों का बालावबोध ज्ञानसारजी रचित लिखा हुआ है। अन्तिम पद "छोरा न क्यूं मार छ रे" इस पदका टब्बा अधूरा लिखा हुआ है अन्तमें लेखककी पुष्पिका इस प्रकार है।

लि. गुलाबविजेयन स्व आत्मार्थे॥

उपरोक्त पदमें मुनिराजके सुखोंको स्थायी और महत्व की बतलाया है इसी आशय के देवचन्दजी के रचित १२ दोहे प्राप्त हुए हैं वे नीचे दिये जा रहे हैं:—

दोहा

पर गुणसै न्यारे रहै, निज गुणके आधीन।
चक्रवर्त्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ १॥
इह निजइह पर वस्त की, जिनै परीक्षा कीन।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित्र लीन ॥ २॥
जिन हुं निज निज ज्ञान सुं, ग्रहे परिख तत्व तीन।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ३॥
दसविध धर्म धरइ सदा, सुद्ध ज्ञान परवीन।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ४॥
समता सागर मैं सदा, मील रहे ज्युं मीन।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आसान धरै काहू की, न कबहु पराधीन ।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ६ ॥
तप संयम पावक वसे, दहे प्रमाद दुःख झीन ।
चक्रवर्ति त अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ७ ॥
पदगल जीव की शक्ति सब जात सप्त भय हीन ।
चक्रवर्ति तैं अधिक सुखी मुनिवर चारित लीन ॥ ८ ॥
सप्तम गुण थानक रहे, कियो मोह मसकीन ।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ९ ॥
क्षपको-पषम पैढी चढै, आत्म रस सुं धीन ।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ १० ॥
तुर्य-ध्यान ध्यावत समै, किये कर्म सब छीन ।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ ११ ॥
देवचन्द वावै सदा, यह मुनिवर गुण बीन ।
चक्रवर्ति तैं अधिक सुखी, मुनिवर चारित लीन ॥ १२ ॥

इति प्राकृत भाषया समस्यां दोधक द्वादश कृता पं. देवचन्द्रेण ॥

## प्यारा वीरजिनेश

रचयिता : राजमल भंडारी, आगर

जय जय प्यारा वीर जिनेश, जय जय प्यारा वीर जिनेश,
जय जय प्यारा, सतत सहारा, दुःखियाओंका दुःख निवारा ॥
सकल जगत निज, धरम प्रसारा ।
हर दम हरत क्लेश, जय जय प्यारा वीर जिनेश ॥ जय०
वीर जिनेश है जगतेरा, दे उपदेश दया-विशेष ।
मेटा अधरम रहा न लेश, अब तक गुण गावत सब देश ॥ जय०
जो प्रभु तूं नहीं जगमें आता, सच्चा मारग कौन बताता ।
मोह नींदसे कौन जगाता, ब्रह्मा, विष्नु, महेश ॥ जय०
तूं ही है सबका हितकारी, नाम लेत मिटता दुःख भारी ।
मिलती है सुख सम्पत्ति सारी, अघ की चले ना पेश ॥ जय०
पर हित में नित यह मन लागे, ईर्षा द्वेष सभी अब भागे ।
प्रेम निरन्तर घट में जागे, वर दो यही हमेश ॥ जय०
बुद्धि हमारी निर्मल कीजे, हमें चरण की सेवा दीजे ।
वीर भक्त की भी सुधि लीजे, कृपा करो करुणेश ॥ जय०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ

: ( ૩૩ ) :

અનુ૦ આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૩૬) કેવલી ભગવાન્ કેવળજ્ઞાનવડે સર્વ દ્રવ્ય પર્યાયોને સમયે સમયે સાક્ષાત્ જાણે છે. પરંતુ કેવળજ્ઞાન સંબંધી જે સ્વભાવવડે એક પર્યાયને જાણે તે જ સ્વભાવવડે બીજા પર્યાયોને જાણે કે અન્ય સ્વભાવવડે જાણે ?

ઉ૦—બીજા પર્યાયોને ભિન્ન સ્વભાવવડે જાણે, પણ તે સ્વભાવવડે ન જાણે અન્યથા તે સ્વભાવવડે જાણે તો બે પર્યાયોનું એકપણું થઈ જાય, તેથી જેટલા જ્ઞેય જાણવા યોગ્ય પદાર્થોના જે પર્યાયો છે, તેટલા જ તે પદાર્થોના પર્યાયોને જણાવનારા કેવળજ્ઞાનના સ્વભાવો જાણવા, यदुक्तं नन्दीसूत्रवृत्तौ–यावन्तो जगतिरूपिद्रव्याणां ये गुरुलघुपर्याया-स्तान् सर्वानपि साक्षात् करतलकलित मुक्ताफलवत् केवलाऽऽलोकेन प्रतिक्षणम् अवलोकते भगवान्, न च येन स्वभावेन एवं पर्यायं परिछिनत्ति तनैव स्वभावेन पर्यायान्तरमपि, तयोः पर्याययोरेकत्वप्रसक्तेः **ભાવાર્થ**–જેટલા જગત્માં રૂપી દ્રવ્યોના જે ગુરુ લઘુ પર્યાયો છે તે સર્વને કેવલી ભગવાન્ હાથમાં રહેલા મોતીની માફક કેવળજ્ઞાનના પ્રકાશવડે સાક્ષાત્ ક્ષણે ક્ષણે જુએ છે, પરંતુ જે સ્વભાવવડે એક પર્યાયને જાણે છે, તે જ સ્વભાવવડે બીજા પર્યાયોને જાણતા નથી, જો જાણે તો બે પર્યાયોને એકપણાનો પ્રસંગ આવે, ઘટાદિ–ઘટના પર્યાયને જાણવાના સ્વભાવવાળો જે જ્ઞાન છે, તે જ્ઞાન જ્યારે પટ એટલે વસ્ત્રના પર્યાયને જાણવાને માટે સમર્થ થાય ત્યારે વસ્ત્રનો પર્યાય પણ ઘડારૂપ પર્યાયને પામે છે, અન્યથા એટલે વસ્ત્રનો પર્યાય પણ ઘડારૂપ પર્યાયને પામ્યા સિવાય ઘટના પર્યાયને જણાવનારૂં જ્ઞાન વસ્ત્રના પર્યાયને જાણી શકે નહિ, કારણ કે તે પર્યાયને જણાવનાર જ્ઞાન તથા પ્રકારના સ્વભાવવાળો છે તેથી જેટલા જ્ઞેય વસ્તુના પર્યાયો છે તેટલા તે પર્યાયોને જણાવનારા કેવળજ્ઞાનના સ્વભાવો જાણવા, પર્યાય એટલે સ્વભાવો. પર્યાયોને આશ્રિને સર્વદ્રવ્યપર્યાયોના પ્રમાણવાળું કેવળજ્ઞાન ઘટી શકે છે. **શંકા**–અકરાદિશ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનના પર્યાયોનું પ્રમાણ સરખું છે કે ન્યૂનાધિક ? **સમાધાન**–બંનેના પર્યાયોનું પ્રમાણ સરખું જ છે. કેવળ સ્વ અને પર પર્યાયકૃત વિશેષતા છે. यदुक्तं नन्दीवृत्तौपर्यायपरिमाणचिन्तायां परमार्थतो न कश्चिद् अकारादिश्रुतकेवलज्ञानयो विशेषः **ભાવાર્થ**–પર્યાયના પ્રમાણનો વિચાર કરતા અકારાદિશ્રુત અને કેવળજ્ઞાનના પર્યાયના પ્રમાણમાં વિશેષતા નથી, પરંતુ આટલો વિશેષ છે કે કેવલજ્ઞાન સ્વ પર્યાયોવડે કરીને પણ સર્વદ્રવ્યના પર્યાયના પરિમાણ તુલ્ય છે, એટલે સર્વદ્રવ્યો જેટલા પર્યાયો છે તેટલા કેવળજ્ઞાનના સ્વપર્યાયો જાણવા, અને અકારાદિ જે શ્રુત જ્ઞાન છે તે સ્વ અને પર પર્યાયોવડે કરીને સર્વદ્રવ્ય પર્યાયના પરિમાણ તુલ્ય છે.

પ્ર૦–(૧૩૭) વિજયાદિ ચાર વિમાનમાં ઉત્પન્ન થએલો જીવ કોઈક વખત નારકીમાં–ભવનપતિમાં તિર્યંચમાં, વ્યન્તરમાં–જ્યોતિષીમાં આવે કે નહિ ?

ઉ૦—વિજયાદિ ચાર વિમાનમાં ઉત્પન્ન થએલો જીવ નારકીમાં તો જાય નહિ, મનુષ્યભવમાં અને સૌધર્માદિ દેવલોકમાં આવે છે, यदुक्तं प्रज्ञापनावृत्तौ पंचदशे इन्द्रियाख्ये पदे–इह विजयादिषु चतुर्षु विमानेषु गतो जीवो नियमात् । तत उद्वृत्तो न जातु कदाचिदपि नैरयिकादिषु पंचेन्द्रियतिर्यक्पर्यवसानेषु तथा व्यन्तरज्योतिष्केषु च मध्ये समागमिष्यति, मनुष्येषु सौधर्मादिषु



For Private And Personal Use Only

चागमिष्यतीति भावार्थ–ચાર વિજયાદિ ચાર સુધીમાં તથા (ભવનપતિ) વ્યન્તર જ્યોતિષીમાં વિમાનમાં રહેલો જીવ ત્યાંથી નિકળેલો નિયમાત્ આવશે નહિ, પરંતુ મનુષ્ય અને સૌધર્માદિ દેવ-નિકાયથી કદાચિત્કાળે નારકીમાં પંચેન્દ્રિય તિર્યંચ લોકમાં આવશે. (ચાલુ)

## पुस्तकोनी पहोंच

१. नर्मद संस्कृत गुजराती शब्दकोष. संपादकः–शास्त्री नर्मदाशंकर ज. रावल साहित्याचार्य, काव्यतीर्थ, राष्ट्रभाषा, रत्न.

આ નાનો સંસ્કૃત ગુજરાતી કોષ છે, સંસ્કૃત ભાષા શીખનારને આ કોષ ઉપયોગી છે. સંસ્કૃત શબ્દોના અર્થ ઉપરાંત હોય ત્યાં તેના વિશિષ્ટ ધાતુઓ અર્થની સાથે આપેલ છે. મૂલ્ય એક રૂપીઓ છે.

૨. લિપિક–સાહિત્ય–વિહાર : સંયોજક અને પ્રકાશક હીરાલાલ રસિકલાલ કાપડિયા.

તેઓએ કેળવણી, લિપિશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જ્યોતિષ, વૈદ્યક, પ્રાણી–વિદ્યા, જૈન તીર્થંકરો, જૈન શ્રમણો, લલિત સાહિત્ય વગેરે વિવિધ વિષયો પર સુંદર લેખો લખ્યા છે. તેમાંના થોડાએક આપણા માસિકમાં લખ્યા છે. આ પુસ્તકમાં તેમના લેખોની અકારાદિ ક્રમે નોંધ આપેલી છે. મૂલ્ય એક રૂપીયો.

૩. જૈનધર્મ અને એકતા : લેખક–સંપાદકઃ–નગીનદાસ ગિરધરલાલ શેઠ.

જૈન સિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૩૦ મો. જૈનધર્મ એક જ છે તે શ્વેતાંબર સૂત્રો તથા દિગંબર શાસ્ત્રોના અવતરણો આપી સ્પષ્ટ રીતે બતાવતું અને સંપ્રદાયો સંબંધી ઐતિહાસિક તથા સૈદ્ધાંતિક હકીકતો રજુ કરતું તથા એકતા માટે સર્વ સંપ્રદાયોના સમન્વયના વ્યવહારૂ ઉપાયો દર્શાવતું આ પુસ્તક છે. અત્યારના સમયમાં જૈનોનું સંગઠન થાય તે ઇચ્છવા જોગ છે. મૂલ્ય ત્રણ રૂપીયા.

૪. માતૃદેવો ભવ–સુશીલ : શ્રી જીવન–મણિ સદ્વાંચનમાળા ટ્રસ્ટનું આ ત્રીજું પુસ્તક છે. મૂળ લેખક શ્રી સાને ગુરુજી છે. મરાઠી ભાષામાંથી ગુજરાતીમાં ભાષાંતર કરનાર વિદ્વાન લેખક ભાઈશ્રી સુશીલ છે. મૂળ લેખકને બાળપણમાં પોતાની માતા તરફથી નાની સામાન્ય જણાતી બાબતો-માંથી ઉંચામાં ઉંચા નૈતિક સિદ્ધાન્તો અને ઉચ્ચ કોટિના પવિત્ર સ્નેહનો અભિષેક થયો હતો, તેનું ચિત્ર નાના જીવન પ્રસંગો દ્વારા આ પુસ્તકમાં આલેખાયા છે. એક રીતે કહીએ તો આ પુસ્તક માતૃસ્તોત્ર છે. કિંમત રૂ. ૧–૫૦.

5. Reality–English translation of Shri Pujyapada's Sarvarthasiddhi by S. A. Jain.

This book presents a comprehensive exposition of Jain Philosophy and Religion. The Jaina interpretation of Reality is true to experience and steers clear of extreme one-sided views. This philosophical work treats of the great issues that confront humanity with simplicity, charm, ease and freedom. Price Rupees Six.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા — મૂલ્ય રૂા. ચાર, અગાઉથી ગ્રાહક થનાર માટે રૂા. સાડાત્રણ

ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ–૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મંગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી–સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીક છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only